સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

ધર્મ સમાજના ચોકઠે 'બ્લોક' ગોઠવાય છે,
જ્ઞાતિ ઐક્ય-વિભાજનના કારસા ગોઠવાય છે,
ગોઠવાય છે ધર્મ પ્રમાણે ઉમેદવારો પણ -
ચૂંટણીમાં વિસ્તાર વિચારી પ્યાદાં ગોઠવાય છે.

હાઈકુ

'નિરપેક્ષતા'
જીતાય છે ચૂંટણી
ધર્મની ઢાલે

અશાંત - દુઃખી
છે પ્રશાંત-કિશોર!
સૌનો આધાર...

ચિંતન

સા તુ કર્મજ્ઞાનયોગેભ્યઃ અપિ અધિકતરા ॥

ઉપરોક્ત સૂત્ર ડીવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

તે ભક્તિ કર્મ, જ્ઞાન અને યોગથી પણ શ્રેષ્ઠતર છે.

કર્મ, જ્ઞાન અને યોગ એ ત્રણે ભગવત પ્રાપ્તિના સાધનો છે. કારણ કે એ ત્રણે ભગવત પ્રાપ્તિ રુપ ફળ આપે છે, જ્યારે ભક્તિ તો ફળ સ્વરુપ જ છે. માટે ભક્તિ ઉપર બતાવેલ ત્રણે કરતાં શ્રેષ્ઠ છે.

જ્યાં સુધી ભગવાન પ્રત્યે ગાઢ અનુરાગ ન હોય, જ્યાં સુધી ભક્તિથી હૃદય શુદ્ધ થયું ન હોય ત્યાં સુધી નિષ્કામ સેવા કરવી અશક્ય છે. સાચી ભક્તિ વિના ભગવાનના સ્વરુપનું જ્ઞાન થઈ શકે નહીં.

કર્મ, જ્ઞાત્રાન અને યોગમાં વર્ણ, આશ્રમ, અધિકાર વગેરેનો વિચાર છે. તેમાંથી નીચે પડવાની શક્યતા છે, પરંતુ ભક્તમાં નીચે પડવાનો ભય નથી. કારણ કે ભગવાન પોતે જ તેને સહાય કરે છે. ભક્તિમાં અધિકાર જેવું કાંઈ જ નથી. બધાંને અધિકાર છે.

સુવિચાર

- માણસે કુદરત ઉપર એટલી શ્રદ્ધા રાખવી જોઈએ જેથી તેને જગતની સહાનુભૂતિની જરૂર જ ન પડે - **ઈસુ ખ્રિસ્ત**
- વિશ્વાસમાં વિશ્રાંતિ છે - **લા માર્ટિન**
- સ્વપ્નમાં પણ જે લોકો નીતિ નહોતા ચૂક્યા તેઓને હક અપાયો છે - **સ્પેનિશ કહેવત**
- દુશ્મનની પડતી જોવામાં ક્યાંક તમે જ ન પડી જાવ - **રાજેશ વ્યાસ**
- જેનો અહંકાર ને મમતા સંપૂર્ણ જાય, તે સંપૂર્ણ ત્યાગી કહેવાય - **આપ્તસૂત્ર**
- આપણું શરીરએ ક્ષેત્ર છે ખેતર છે. જો સચ્ચાઈથી જીવીએ તો એ ધર્મક્ષેત્ર થઈ શકે અને ઊણા ઉતર્યા તો કુરુક્ષેત્ર - **સુરેશ દલાલ**
- આજનું ઔષધ : લસણ અને મરી વાટી લેપ કરવાથી ગુમડાં પાકીને ફૂટી જશે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

રાજા અકબરને એકવાર બીરબલ પર ગુસ્સો આવ્યો. આવેશમાં આવીને બિરબલને રાજય છોડી દેવાનું કહ્યું. બીરબલે રાજાની આજ્ઞા માથે ચડાવી એક નાના ગામમાં અજ્ઞાત વેશે એક ખેડૂતની તરબુચની વાડીમાં મજૂરી કામ કરવા લાગ્યો. આ બાજુ બીરબલ વગર રાજયનો કારભાર અને અકબરને તકલીફો પડવા લાગી. સિપાઈઓને બિરબલ શોધી લાવવાનું કહ્યું પણ બીરબલ જડ્યો નહીં. બાદશાહે દરેક ગામમાં સરપંચને સંદેશો મોકલ્યો કે તમારા ગામમાંથી પચાસ દિવસની અંદર માટલું ભરીને બુદ્ધિ બાદશાહને મોકલી આપો જો બુદ્ધિ મોકલી ન શકાય તો એટલું સોનું ભરીને બાદશાહને મોકલવું. બીરબલના ગામમાં પણ આ સંદેશો પહોંચ્યો. ગામના લોકો ભેગા થયા. સૌ ચર્ચા કરવા લાગ્યા. 'બુદ્ધિ કોઈ વસ્તુ નથી કે તેને માટલામાં ભરીને મોકલી શકાય. અને બુદ્ધિના સ્થાને આટલું સોનું લાવવું ક્યાંથી?' બીરબલે કહ્યું એક માટલું મને આપી દો હું દોઢ મહિનામાં એ માટલીની અંદર બુદ્ધિ ભરી આપીશ. બીરબરે ખેડૂતની વાડીમાં એક તરબૂચના વેલામાં ઉગેલા નાના તરબુચને આ માટલામાં ગોઠવ્યું અને વેલાથી તેને અલગ કરીને નિયમિત તેમાં પાણી ખાતર વગેરે સંભાળ લેવા લાગ્યું. પેલું તરબુચ થોડા જ દિવસમાં માટલાની અંદર વિકાસ પામી એટલું મોટું થઈ ગયું કે તેને માટલાની અંદરથી બહાર કાઢવા અશક્ય બન્યું. બીરબલે હવે તે તરબુચને વેલાથી અલગ કરી સરપંચને આપ્યું અને કહ્યું. 'આપ બાદશાહની પાસે જાઓ અને કહેજો કે માટલામાંથી બુદ્ધિને માટલું ફોડ્યા વગર કે બુદ્ધિને કાપ્યા વગર કાઢીને માટલું સહીસલામત પાછું આપો.' સરપંચ દરબારમાં ગયા. અકબર આ યુક્તિ જોઈને સમજી ગયા કે આ કામ ફક્ત બીરબલ જ કરી શકે. અકબર ખુદ તે સરપંચ સાથે ગામમાં આવ્યા અને બીરબલને સમજાવીને માનભેર તેમની સાથે દરબારમાં લઈ ગયા.

સુપ્રીમ કોર્ટનો પુણ્યપ્રકોપ વાજબી

તંત્રીસ્થાનેથી...

છેલ્લા ઘણા વખતથી કેન્દ્ર સરકાર હોય કે રાજય સરકારો : કોઈ ને કોઈ મુદ્દા પર સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટોના ઠપકા સાંભળતી રહી છે. આવા ઠપકા સાંભળવા ટેવાઈ ગઈ હોય એમ સરકાર વખત પૂરતી વાણિયામૂછ નીચી રાખી એની જ મંથર ગતિએ કાર્યવાહી કરતી રહે છે. હોસ્પિટલોમાં ફાયર સેફટીના ઑડિટ મુદ્દે ગુજરાત સરકારે મુદત માગતાં સુપ્રીમ કોર્ટ ઊકળી ઊઠી છે. રાજયમાં અમદાવાદ અને રાજકોટની હોસ્પિટલોમાં કોવિડ વોર્ડમાં આગ લાગવાના બનાવો બન્યા હતા અને બીજા દિવસે સાજા થઈને ઘેર જવાના હતા એવા દરદીઓ આગમાં ભડથું થઈ ગયા હતા. આવી કરુણાંતિકાઓની સુઓમોટો નોંધ લઈ સુપ્રીમ કોર્ટે ડિસેમ્બર-૨૦૨૦માં કડક ભાષામાં તમામ રાજયોને આદેશ કર્યો હતો કે હોસ્પિટલોમાં ફાયર ઓડિટના ડેટા રજૂ કરવામાં આવે દરેક જિલ્લામાં કમિટી બનાવીને મહિનામાં એકવાર કોવિડ હોસ્પિટલનું ફાયર સેફટી ઓડિટ કરવામાં આવે. હોસ્પિટલને એની ઊણપ બતાવી સરકારને એની જાણ કરવાના આ સુપ્રીમ કોર્ટના આદેશનું અન્ય રાજયોએ અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ વિધિવત જવાબો રજૂ કરી પાલન કર્યું હતું પણ ગુજરાત સરકારે જવાબ રજૂ ન કરી ફરી એકવાર મુદત માગી હતી. સુપ્રીમ કોર્ટના રોષ અને આક્રોસનું કારણ એ છે કે રાજય સરકારે એના આદેશની ઉપરવટ જઈ હોસ્પિટલોને ૩૦ જૂન, ૨૦૨૨ સુધી ફાયર સેફટીના અમલના મુદ્દે રાહત આપતું નોટિફિકેશન બહાર પાડ્યું છે. સ્વાભાવિક છે કે આવા સંવેદનસીલ મુદ્દા પર ત્વરિત અને કડક કામગીરી કરવાને બદલે રાજય સરકારે હોસ્પિટલ સંચાલકોને એમની અનુકૂળતા મુજબ કાર્યવાહી કરવાની છૂટ આઈ હોઈ સુપ્રીમ કોર્ટને પોતાના આદેશની ધરાર અવગણના થતી હોય એવું જ લાગે. ગુજરાતની હોસ્પિટલોમાં લાગેલી આગ સંદર્ભે નીમેલા પંચનો રિપોર્ટ સીલબંધ કરવામાં રજૂ કરાયેલ છે. એથી પણ સુપ્રીમ કોર્ટ નારાજ થઈ છે. આ તે કોઈ ન્યુક્લિયર રિપોર્ટ થોડો છે કે સંતાડી રાખવાનો હોય ? એ જાહેર થવો જોઈએ. પ્રજાને એ જાણવાનો હક છે. ઈલેકટ્રિક એન્જિનિયર અને પંચના રિપોર્ટો જુદા છે એ શું દર્શાવે છે? સરકાર હોસ્પિટલોને છાવરતી હોય એવો જ ભાસ થાય છે. સુપ્રીમ કોર્ટે ગુજરાત સરકારને કડક ભાષામાં ઠપકો આપતાં ઉમેર્યું છે કે આવી ખાનગી હોસ્પિટલો તો કમાણીનાં કારખાનાં બની ગઈ છે, બહેતર છે કે નાની નાની ખાનગી જગ્યાઓ ઊભી કરાયેલી ટાંચા સંશાધનો અને સુવિદાઓ તથા સલામતી વિહોણી આવી હોસ્પિટલો બંધ કરી દેવામાં આવે. આખરે તો એ મેડિકલ ઈન્ડસ્ટ્રીમાં ફેરવાઈ ગયેલાં કેન્દ્રો છે, જેનો મૂળ ઉદ્દેશ દરદીઓની સેવાનો નહીં રહેતાં એમનાં ખીસાં ખંખેરવાનો હોય છે. સુપ્રીમ કોર્ટ જેવી સર્વોચ્ચ ન્યાયપાલિકાને જ્યારે આવાં નિરીક્ષણ કરવાં પડતાં હોય ત્યારે રાજય સરકારે આત્મમંથન કરવાની જરૂર છે, બિલાડીના ટોચની જેમ ફૂટી નીકળેલા ખાનગી હોસ્પિટલો તરફ પ્રજા એટલા સારું આકર્ષાય છે કે એની સરકારી હોસ્પિટલોમાં શ્રદ્ધા જ નથી રહી. અબજો રુપિયાના બજેટની ફાળવણી કરીને સરકારી હોસ્પિટલો અને આરોગ્યકેન્દ્રોની આલીશાન ઈમારતો ઊભી કરી દેવાય છે. જિલ્લે જિલ્લે મેડિકલ કૉલેજો ખોલીને અધૂરા ભણતર સાથે ડૉકટરોની નવી નવી પ્રજાતિઓ રમતી મુકાવા માંડી છે. જયારે ઉપરથી ઓડિટ આવે છે ત્યારે અમદાવાદ-ગાંધીનગરની મેડિકલ કૉલેજોમાં સેવારત ફૅકલ્ટીને વખત પૂરતા જે-તે જિલ્લાની મેડિકલ કૉલેજમાં મોકલી અપાય છે. આવા કારસા કરીને ડૉકટરોની વણજાર સર્જવાનો કોઈ અર્થ ખરો ? આ બધું કોઈથી અજાણ્યું નથી રહ્યું, છતાં બોલ બોલ ચાલતું રહે છે. સુપ્રીમ કોર્ટને આવી બધી અંતરંગ બાબતોની એક યા બીજા માધ્યમથી જાણકારી પ્રાપ્ત થાય છે ત્યારે જાહેર હિતની અરજી ન થઈ હોય તો પણ એને સુઓમોટો અરજી તરીકે લઈને એ પોતાનાં અવલોકન અને આદેશ રજૂ કરે છે. કોર્ટો પ્રો-એક્ટિવ બની છે એનું મૂળ કારણ તો કેન્દ્ર અને રાજય સરકારોની નાકામયાબી અને બેદરકારી જ છે. કોર્ટના આદેશ છતાં 'હાથી ચલત હૈ અપની ગત મેં' - એ ન્યાયે રાજય સરકાર હોસ્પિટલોને ફાયર સેફટી જેવી સંવેદનશીલ બાબતે લાંબા વખત સુધીની મહેતલ આપતી રહે તે ખરેખર પ્રજાવિરોધી પગલું જ ગણાય. સુપ્રીમ કોર્ટે માનવીના જીવવાના મૂળભૂત અધિકારને ઉજાગર કરી રાજય સરકારના કાન અમળ્યા છે.

'રામપ્રસાદ કી તેરહવી' જોવા જેવી ફિલ્મ

મન-રંજન

દ્વનિલ પારેખ

કોવિડ-૧૯ને કારણે ઉદ્‌ભવેલી પરિસ્થિતિમાંથી ધીમે ધીમે કળ વળી રહી છે ત્યાં ત્રીજી લહેરના ભણકારા શરૂ થયા છે. બીજી લહેરમાંથી બહાર આવવા રાત્રિ કરફ્યુ સિવાય બધે છૂટછાટ આપવામાં આવી છે. એમાં સિનેમાગૃહો પચાસ ટકાની ક્ષમતા સાથે શરૂ કરવાની છૂટ પણ આપવામાંઆવી છે. પરંતુ સિનેમાગૃહમાં જોઈને મનોરંજન માણી શકાય, એવું વાતાવરણ હજી ઊભું થયું નથી. વળી, નવી ફિલ્મો પણ રજૂ થાય એવી શક્યતા દેખાતી નથી. આવા સંજોગોમાં વિવિધ ઓપન પ્લેટફોર્મ પર રિલીઝ થતો ફિલ્મો મનોરંજનનો મુખ્ય આધાર બની રહે છે.

સામાન્ય રીતે એવી છાપ છે કે, ઓપન પ્લેટફોર્મ પર રજૂ થતી ફિલ્મો મારધાડ અને વલ્ગારિટીથી ભરપૂર હોય છે. કુટુંબ સાથે બેસીને જોઈ શકાય એવી ફિલ્મો બહુ ઓછી રજૂ થતી હોય છે. એમાં પણ નેટ ફ્લિક્સ એના માટે કુખ્યાત છે. પણ આ જ નેટફ્લિક્સ પર રજૂ થયેલી એક ફિલ્મ 'રામપ્રસાદ કી તેરહવી' જોવા જેવી ફિલ્મ છે. સીમા પાહવા લિખિત - દિગ્દર્શિત આ ફિલ્મ આ તો પ્રત્યેક ઘરની કહાની છે. કુટુંબની મુખ્ય વ્યક્તિ રામપ્રસાદ (નસીરુદ્દીન શાહ)ના અવસાન બાદ બધી ધાર્મિક વિધિઓ માટે ચાર ભાઈઓ અને ત્રણ બહેનોનું કુટુંબ ભેગું થયું છે. સાથે અન્ય સગાંવહાલાં પણ છે. વિધિવિધાન પાછળ થતો ખર્ચ કોણ કરશે? કેવી રીતે કરશો? -એની સતત ચર્ચાઓ ચાલે છે. રામપ્રસાદની મોટી હવેલી છે. સંગીત શીખવતા હતા. સંતાનો બધાં અન્યત્ર વસવાટ કરતાં હતા. ખર્ચની વાત આવે છે ત્યારે બધા જ ગલ્લાં તલ્લાં કરે છે અને પોતાનાં રોદણાં રડવા બેસી જાય છે. આખરે ભાઈઓ વચ્ચે નક્કી થાય છે કે, હવેલીનો કેટલોક ભાગ ગિરવે મૂકી દેવો. મા (સુપ્રિયા પાઠક) એ માટે રાજી થતી નથી અને પોતાની રીતે બધી વ્યવસ્થા પાર પાડે છે. વિધિવિધાન પત્યા પછી ભાઈઓ-બહેનો ફરી પોતાના સ્થાને રવાના થાય છે એને હવેલીમાંથી સંગીતના સૂરો સંભળાય છે. હવેલીમાં હવે રામપ્રસાદના નામે સંગીત શાખા શરૂ કરવામાં આવી છે.

નસીરુદ્દીન શાહ, સુપ્રિયા પાઠક, વિનય પાઠક, વિક્રાંત મેસી, કોંકણાસેન શર્મા, નિનાદ કામત જેવા ઉત્તમ અભિનેતાઓ પાસેથી દિગ્દર્શિકાએ ઉત્તમ અભિનય કરાવ્યો છે. સાગર દેસાઈનું શાસ્ત્રીય કહી શકાય એવું સંગીત પણ ફિલ્મનું જમા પાસું છે. એમાં પણ અંતે સ્ક્રોલિંગ વખતનો આલાપ અને સ્વર અત્યંત હૃદયસ્પર્શી છે. આ ફિલ્મ ૧૭ ઓકટોબર, ૨૦૧૯ના દિવસે મુંબઈ ફિલ્મ ફેસ્ટિવલમાં રજૂ થઈ થઈ હતી.

આ ફિલ્મનું કથાનક આમ જોવા જઈએ તો અત્યંત જાણીતું છે. ધરતી મુખ્ય વ્યક્તિની વિદાય પછી ભેગું થતું કુટુંબ, વિધિવિધાન પાછળનો ખર્ચ અને વારસાને લઈને થતી ચડલીડ - આ પ્રત્યેક કુટુંબમાં જોવા મળે છે અને સાહિત્યમાં પણે કથાનકનો ઘણી વખત ઉપયોગ થયો છે. એન્તન ચૅખોવનું 'ચેરી ઓર્ચાર્ડ' નાટક પહેલું યાદ આવે. 'ચેરીનો બગીચો' નામે જશવંત ઠાકરે એનો અનુવાદ કર્યો હતો. જાણીતા મરાઠી નાટ્યકાર મહેશ એલ કુંચવાર લિખિત અને વિજયા મહેતા દિગ્દર્શિત નાટક 'વાડા ચિરેબંદી'ની કથા પણ આજ છે. હિન્દીમાં આ નાટક 'વિરાસત' રુપે પ્રગટ થતું છે. તૂટેલી જતી હવેલી અને ક્રમશઃ એની અદશ્ય થતી જાહોજલાલી વર્ષોની જુઠી પ્રતિષ્ઠાને સાચવી રાખવા માટેના ઉધામા - આ બધું 'વાડા ચિરેબંદી' માં અસરકારક રીતે રજૂ થયું છે. ગુજરાતીમાં 'તિરાડે ફૂટી કૂંપળ'નામે રવીન્દ્ર પારેખ એનું રૂપાંતર કર્યું અને કપિલદેવ શુક્લએ અત્યંત સર્જનાત્મક રીતે એની રજૂઆત કરી હતી. જેની રાષ્ટ્રીય સ્તરે પણ નોંધ લેવાઈ હતી.

'રામપ્રસાદ કી તેરહવી' સંવેદનશીલ મનોરંજન પૂરું પાડે છે. કશુંક જુદું જોવા ઈચ્છનારને તો એ અદશ્ય ગમશે. એમાં પણ ફિલ્મની અંતિમ ૨૦ મિનિટ તો આંખો સજળ કરે એવી છે. અભિનય અને દિગ્દર્શકની સર્જનાત્મકતાનો એમાં સ્પર્શ દેખાય છે. ટૂંકમાં, 'રામપ્રસાદ કી તેરહવી' અવશ્ય જોવા જેવી ફિલ્મ છે.

- parekhdhwanil@gmail.com

જીવનની સાર્થકતા : આસક્તિરહિત ભાવે પ્રેમનું પ્રાગટ્ય

આવો જીવીએ શાનદાર

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com

આપણાં હિન્દુ શાસ્ત્રોમાં અને ખાસ કરીને પુષ્ટિમાર્ગના ગ્રંથોમાં ઈષ્ટ ચિંતનનાં ત્રણ સ્વરૂપોનું વિગતવાર વર્ણન કરવામાં આવ્યું છે. ઈષ્ટ ચિંતનના આ ત્રણ સ્વરૂપો છે; રૂપચિંતન, ગુણ ચિંતન અને લીલા ચિંતન. રૂપ ચિંતન કરીએ ત્યારે જેનું ચિંતન કરતાં હોઈએ તેનું ભૌતિક સ્વરૂપ, તેનું વ્યક્તિત્વ કે તેનો આકાર મન અને હૃદયમાં સાક્ષાત્કાર થાય. જેમનું ચિંતન કરતાં હોઈએ તેમના સદગુણોનો સાક્ષાત્કાર થાય એ ગુણ ચિંતન અને જેમના કાર્યોનો સાક્ષાત્કાર કરીને ચિંતન કરીએ એ લીલા ચિંતન. પૂષ્ટિમાર્ગ અને અન્ય સંપ્રદાયોમાં ચિંતનના આ ત્રણેય સ્વરૂપની પધ્ધતિ અને તેના માહાત્મ્યનું વર્ણન કર્યું છે.

ચિંતન મનવચિતમાં થાય છે. માનવચિત્તનું બંધારણ એવું છે કે તે જેનું ચિંતન કરે તેનો આકાર ચિત્તમાં ધારણ કરે છે. એ ચિંતન રૂપચિંતન, ગુણ ચિંતન અને લીલા ચિંતન કોઈપણ સ્વરૂપનું હોય શકે. ઈષ્ટ ચિંતન કરવાથી ચિત્તને સુખ પ્રાપ્ત થાય છે.

આપણે સૌ જાણીએ છીએ કે માણસ સુખને સતત શોધતો ફરે છે. સુખને પામવાના અનેક માર્ગોમાનો એક માર્ગ, એક સાધન પ્રેમ પણ છે. પ્રેમ એ સુખને પ્રાપ્ત કરવાનું એક સાધન પણ છે અને પ્રેમ ખુદ એક સાધ્ય પણ છે. માણસને પ્રેમમાં એક પ્રકારનું સુખ મળતું હોય છે તેથી એ પ્રેમને સતત શોધતો ફરે છે, પ્રેમને પામવા માટે સતત મથામણ કરતો રહે છે, પ્રેમને માટે સતત ઝૂરતો રહે છે. પતિ કે પત્નિ, પ્રિયતમાં કે પ્રિયતમ, માતા કે પિતા, પુત્ર કે પુત્રી, સ્નેહી કે કુટુંબીજન, મિત્ર કે નામ વિનાના કોઈપણ સંબંધો થકી કોઈપણ સ્વરૂપે મળતો પ્રેમ માણસને સુખ આપે છે. પ્રેમનું આ સુખ ક્યારેક માણસને અન્ય જીવો તરફથી પણ મળતું હોય છે.

માણસને જે રીતે અનેક સ્વરૂપે પ્રેમ મળતો હોય છે એવી જ રીતે સુખ પણ અનેક સ્વરૂપે મળતું હોય છે. અન્ય કોઈપણ સ્વરૂપે મળેલા સુખ કરતાં પ્રેમ સ્વરૂપે મળેલું સુખ શ્રેષ્ઠ સુખ ગણવામાં આવે છે. આપણાં હિન્દુ શાસ્ત્રોએ પણ આ વાતને સમર્થન આપ્યું છે.

માણસને સુખ ક્યારેય પરિતૃપ્ત કરી શકતું નથી. સુખ ગમે તે સ્વરૂપે મળે, સુખ ગમે એટલું વધારે મળે છતાં માણસની સુખની ક્ષુધા અતૃપ્ત જ રહેતી હોય છે. પ્રેમનું પણ એવું જ છે. કોઈપણ સ્વરૂપે પ્રેમ મળે, અનર્ગલ પ્રેમ મળે, એ પ્રેમ ઉચ્ચ કોટીનો હોય, ઉત્કૃષ્ટ હોય, પવિત્ર હોય, સાચો હોય અને દીર્ઘકાલીન હોય તો પણ એ પ્રેમ માણસને ક્યારેય પરિતૃપ્ત કરી શકતો નથી અને માણસ વધુને વધુ પ્રેમ પામવા માટે માણસ સતત તલસતો રહે છે, વલવલતો રહે છે.

પ્રેમને સામાન્ય રીતે ઘણાં સ્વરૂપે મૂલવવામાં આવતો હોય છે. કોઈ સ્નેહીજન પ્રત્યે વિવિધ સ્વરૂપે વ્યકત થતી માણસની લાગણીઓને પ્રેમનું નામ આપવામાં આવતું હોય છે. સ્નેહીજન પ્રત્યે વ્યકત થતી એ પ્રેમસભર લાગણીઓમાં જ્યારે વિશેષ રુચિ, મોહ કે આકર્ષણનું તત્વ સામેલ થતું હોય છે ત્યારે એ લાગણી પ્રેમ નહીં પણ આસક્તિ બની જતી હોય છે. આમ આસક્તિ એ પ્રેમ નથી. આસક્તિનો અર્થ પ્રેમ કરતાં તદન ભિન્ન છે કારણ કે આસક્તિ અને પ્રેમનું સ્વરૂપ જ મૂલતઃ ભિન્ન છે. આસક્તિનાં અર્થનો થોડો વિસ્તાર કરીએ તો એવું કહી શકીએ કે આસક્તિ એટલે લાલસા, આસક્તિ એટલે કશુક મેળવી લેવાની કામના. અભાવ આસક્તિની જનની છે. માણસને જ્યારે કંઈક અભાવ સાલે છે ત્યારે આસક્તિ પેદા થાય છે. આસક્તિ સ્વકેન્દ્રી હોય છે. આસક્ત વ્યક્તિ પોતાની લાલસાની તૃપ્તિ માટે, પોતાના અભાવને પુરવા માટે સ્નેહીજનનો સાધન તરીકે ઉપયોગ કરતી હોય છે. આસક્ત વ્યક્તિ માટે પોતાનો સ્નેહીજન પ્રેમપાત્ર નહીં પણ સાધનપાત્ર હોય છે.

પ્રેમમાં પણ ઊર્મિઓ હોય છે, પ્રેમમાં આવેગો પણ હોય છે. એ આવેગો અને ઊર્મિઓ પાછળનો હેતુ લાલસાની તૃપ્તિ બની જાય છે ત્યારે એ પ્રેમ નથી રહેતો પણ આસક્તિ બની જાય છે. પ્રેમ આસક્તિરહિત હોય છે.

આપણે જાણ્યું કે માનવચિત્તનું બંધારણ એવું છે કે તે જેનું ચિંતન કરે તેના આકારનો સાક્ષાત્કાર તેના ચિત્તમાં થાય છે. ચિત્તમાં એકવાર સાક્ષાત્કાર થાય પછી તેની સાથે ચિત્ત એકત્વ સાધે છે. તેની સાથે અદ્વૈતતા સધાય છે. પ્રેમ એ અદ્વૈત થવા માટેનો હુંકાર છે. પ્રિયપાત્ર સાથે તદ્રુપતા, એકાત્મકતા સિધ્ધ કરવામાં જ પ્રેમની સાર્થકતા છે. બે પ્રિયજનોના હૃદય વચ્ચે, પ્રેમના બે બિંદુઓ વચ્ચે જ્યાં સુધી તન્મયતા ન સધાય ત્યાં સુધી પ્રેમ પરિપૂર્ણ બનતો નથી, ત્યાં સુધી પ્રેમ કૃતાર્થ થતો નથી. પ્રેમ એટલે જ અદ્વૈતતા.

પ્રેમ આખરે તો આત્માનું સ્વરૂપભૂત તત્વ છે. પ્રેમને પાર્થિવ શરીર સાથે કોઈ જ સંબંધ નથી. પ્રેમ આત્માનું સ્વરૂપ હોય આત્માની જેમ પ્રેમ પણ જન્મ લેતો નથી પણ ચિત્તસ્ય અશુધ્ધિઓનો લય થતાં માનવ હૃદયમાં પ્રેમનું પ્રાગટ્ય થતું હોય છે. આ ચિત્તસ્ય અશુદ્ધિઓ એટલે બીજું કઈ નહીં પણ આસક્તિ કે રાગ. એકવાર પ્રેમનું પ્રાગટ્ય થાય તેની સાથે જ પ્રિયજન પ્રત્યે 'ભાવ' અનુભવાય છે. આ 'ભાવ'નો અનુભવ એ પ્રેમની પ્રથમ અવસ્થા છે.

ભલે આપણાં બધાં જ સ્નેહીજનો પ્રત્યે નહીં પણ થોડાઘણા સ્નેહીજનો પ્રત્યે પણ જો આપણાં હૃદયમાં આસક્તિરહિત ભાવે પ્રેમનું પ્રાગટ્ય કરી શકીએ તો પણ આપણું જીવન સાર્થક !!

અલ્લા મીયાં મુઝે બકરા બનાયા હોતા તો કીતના અચ્છા હોતા, ઈદ કે દિન સલમા કે ઈશ્ક મેં કુરબાન ભી હોના પડતા તો મુઝે મંજુર થા

નવાં કલેવર

નટવર હેડાઉ

બાદશાહના મનમાં વિચાર આવ્યો, તેણે રાજસભામાં જાહેરાત કરી, 'જે વ્યક્તિ બકરીને તૃપ્ત કરી દેશે તેને સલ્તનત તરફથી સન્માનિત કરવામાં આવશે.' વાત બિલકુલ નવી હતી. પેલી કહેવત છે કે 'ઊંટ મેલે આકડી ને બકરું મેલે કાંઢરો' બકરાને ગમે તેટલું ખવડાવો તોય પણ તે ધરાય જ નહીં.

સમજુ મીયાંએ બીડું ઝડપવાનો ઈરાદો કર્યો. તેણે બકરાને ખુબ ખવડાવ્યું. આખો દિવસ ખવડાવતો જ રહ્યો. પણ બકરો ધરાયો નહીં! જ્યાં તેની સામે ઘાસ કે બીજી ખાવાની ચીજ મુકવામાં આવે ત્યાં તે ભચડ ભચડ ખાવા જ લાગે.

ઈનામ કે પુરસ્કાર મેળવવાની વાતે દરેક નગરજનોના મનમાં લાળ ટપકતી હતી.

સલમા બેગમે બકરાને ખુબ ખવડાવ્યું. ખુબ જ પ્યારથી ખવડાવ્યું. ધરાઈ જાય ત્યાં સુધી ખવડાવ્યા જ કર્યું. પછી તેના ખાર્વિદ સુલેમાનને કહ્યું કે બકરાને હવે બાદશાહ પાસે લઈ જાવ. સુલેમાન વિચાર કરતો હતો કે આટલા પ્યારથી તો સલમા એ કયારેય મને પણ ખવડાવ્યું નથી. અલ્લા મીયાં મુઝે બકરા બનાયા હોતા તો કીતના અચ્છા હોતા, ઈદ કે દિન સલમા કે ઈશ્ક મેં કુરબાન ભી હોના પડતા તો મુઝે મંજુર થા.'

'કયા સોચ રહે હોં બકરે કો બાદશાહ કે દરબાર મેં લે જાઓ ઔર ઈનામ લેકે આવો.' સલમા બોલી. સલમાએ બકરાને ખુબ જ ખવડાવી દીધું હતું. તેને તૃપ્ત કરી દીધો હતો. તેણે કહ્યું 'મારો બકરો બિલકુલ તૃપ્ત છે.'

બકરાને લાવવામાં આવ્યો. બાદશાહે રાજના કર્મચારીઓને આદેશ કર્યો, 'ચાલો લાવો.'

ચારો બકરાની સામે રાખવામાં આવ્યો. તો બકરા એ ચારો જોતાં જ તેમાં મોઢું નાખ્યું. તે ચારો ખાવા લાગ્યો. બાદશાહે કહ્યું કે આ બકરો તો હજુ ભુખ્યો લાગે છે. તે તૃપ્ત નથી.'

સુલેમાન બકરાને લઈ ઘરે પાછો ફર્યો.

આ રીતે નગરના કેટલાક લોકો પોતપોતાની બકરાને લઈને આયા અને અસફળ થઈ પાછા ફર્યા.

ત્રણ દિવસ બાદ એક આદમી આવ્યો. તેણે કહ્યું 'મારો બકરો બિલકુલ તૃપ્ત છે.'

બાદશાહની સામે વાત મુકવામાં આવી. બાદશાહે તેને બોલાવ્યો. બકરાની સામે ઘાસચારો મૂકવામાં આવ્યો. પણ તે બિલકુલ ખાતો ન હતો. બાદશાહને આશ્ચર્ય થયું. 'આવું કેમ થયું.'

બકરાની સામે ફરીથી ઘાસચારો મૂકવામાં આવ્યો. છતાં તેણે બિલકુલ ખાવાની કોશિશ ન કરી. ઘણા સમય સુધી તેની સામે ઘાસચારો પડ્યો રહ્યો પણ બકરો તેને સ્પર્શ કરતો ન હતો.

બાદશાહે કહ્યું તું પાસ થઈ ગયો. બકરાને ધરાઈને ખવડાવવામાં અને તૃપ્ત કરી દેવામાં તું સફળ રહ્યો છે. તને ઈનામ મળશે. સલ્તનત તરફથી તારું સન્માન કરવામાં આવશે પણ મને એ કહે કે આવું કઈ રીતે થયું ?'

ત્યારે પેલો આદમી બોલ્યો, 'હજૂર, ત્રણ દિવસ થયા. હું આ બકરાની સાથેને સાથે ફરું છું. જયારે તે કંઈ ખાવાની કોશિશ કરે કે ખાવાનું સાહસ કરવા જાય ત્યારે મારો આ દંડો તેને માથામાં પડે છે. તેથી હવે તે એટલો પ્રશિક્ષિત થઈ ગયો છે કે ખાવાની હિંમત કરતો જ નથી.'

ઈનામ મેળવવાની લાલશા કેવું કેવું કરાવે છે. પારિતોષિક પામવા કેવા હથકંડા અપનાવાય છે ગમે તેટલું મળે પણ બકરો કયારેય તૃપ્ત થતો જ નથી. માણસની કીર્તિ અને નામના મેળવવાની ઘેલછાનું પણ કંઈક એવું જ છે.

થોડીક પ્રસાદી કવિવર રવીન્દ્રનાથના 'ગીતાંજલિ'માંથી

મનના ઉમંગો

રણછોડ પરમાર

એકવાર પુસ્તક પરબના પુસ્તકોમાંથી અમે નકામા ફાટેલા, પીળા પડી ગયેલાં પાનાંવાળાં પુસ્તકો (જેને ખરેખર તો પસ્તી કહેવાય) અલગ કરવા ભેગા થયા હતાં. એમાં છેલ્લે પસ્તીમાં ફેંકાઈ ગયેલાં બે પુસ્તકો ભણી મારું ધ્યાન ગયું. ઉઠાવીને જોયું તો એક હતું રવીંદ્રનાથ ટાગોરનું ગીતાંજલિ અને બીજું હતું જૂનું મેગેઝીન સમર્પણ. મેં બંનેને ઉઠાવી લીધાં. ઘેર લાવી તેમને રિપેર કર્યા. હમણાં ગીતાંજલિ વાંચવાનું શરુ કર્યું છે. ગીતાંજલિ એટલે કવિવર રવીંદ્રનાથનું એક એવું પુસ્તક કે જેને નોબેલ ઈનામ પ્રાપ્ત થયું છે. બંગાળી પ્રજાની સાહિત્યપ્રીતિ જગજાહેર છે.તેઓ તો આ પુસ્તક જોઈ તરત માથે લગાવે. આપણા જેવા સાહિત્યપ્રેમીઓ માટે પણ આ પુસ્તક વંદનીય છે. મને જે પુસ્તક મળ્યું છે તેનો શ્રી ધૂમકેતુએ અનુવાદ કર્યો છે. શ્રી નગીનદાસ સંઘવીએ પણ આ પુસ્તકનોનો કાવ્યાનુવાદ કરેલો છે. બીજા ઘણા ગુજરાતી સર્જકોએ તેનો અનુવાદ કર્યો હશે.



ગીતાંજલિમાં નાનાં નાનાં કાવ્યો છે. અ પુસ્તકનું ગુર્જર ગ્રંથ રત્ને ખુબ સુંદર છાપકામ કર્યું છે. દરેક પાને કવિતા સાથે નયનરમ્ય ચિત્રકામ પણ કર્યું છે. કુલ ૧૦૩ કાવ્યો છે. મોટાભાગના કાવ્યો પ્રભુને ઉદ્દેશીને લખાયાં છે.

અમે (હું અને દીપકભાઈ સોની) સદભાગી છીએ કે અમને શાતિનિકેતનમાં નોબલ ઈનામની પ્રતિકૃતિ અને અસંખ્ય ગીતાંજલિનાં પુસ્તકો જોવા મળ્યાં હતાં.

તેમાંથી બે પ્રકરણ આપની સામે રજૂ કરું છું.

(૧)

હે જીવનના જીવન ! હું મારું શરીર પવિત્ર રાખવા પ્રયત્ન કરીશ, કારણ કે હું જાણું છું કે એના રોમારોમમાં તારો સ્પર્શ છે.

મારા મનમાંથી અને વિચારમાંથી હરેક અસત્યને હું દૂર રાખીશ, કારણ કે, હું જાણું છું કે મારા મનના બુધ્ધિદીપને, પ્રકાશ, તું આપી રહેલ છે.

મારા અંતકરણમાંથી હું દરેક પ્રકારના અસતને બહાર કાઢવા યત્ન કરતો રહીશ, કારણ કે, અંતઃ કરણના ગુપ્તતમ મંદિરમાં તું બેઠો છે, એ હું જાણું છું.

અને મારા કર્મોમાં પણ, હું તને જ પ્રગટ કરતો રહીશ. કારણ, હું જાણું છું કે મારામાં એક પાંદડું પણ ફેરવવાની તાકાત નથી.

જે કાંઈ શક્તિ છે, તે તારી છે.

(૨)

હવે તો મારાં ગીતે પોતાનાં આભુષણો છોડી દીધાં છે. એને આભુષણનો મોહ નથી, ભભકાનું અભિમાન નથી.

આભુષણો તો વચ્ચે દખલ ઊભી કરે છે. આભુષણો છે તો મારું હૃદય તારા હૃદય સાથે એક થઈ શકતું નથી.

તારી પ્રેમભરી શાંત ધીમી સુધાવાણી, આભુષણોના ઝંકારમાં ડૂબી જાય છે !

હું કવિ રહ્યો. મારી પાસે આભુષણોનો ભંડાર છે, પણ મારું એ કવિ અભિમાન તારો એક દ્રષ્ટિપાત થતાં સરી જાય છે ! હે કવિના પણ કવિ ! હે કવિરાજ ! હું તો વિનમ્રપણે તારા ચરણ પાસે માત્ર લોટી પડું છું !

મને બીજી કોઈ ઈચ્છા નથી. વનમાં ચાલ્યા જતા કોઈ સાદા ઝરણની માફક, મારો જીવનસ્રોત શાંત વહ્યા કરે, તારા ગાનને વહન કરનારી સીધી સાદી બરુની વાંસળી એ થઈ રહે, હે સ્વામી ! એટલું જ મારે બસ છે !